KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org


Date : 13th August, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

**ભાવનગર જીલ્લાનું ગૌરવ ગણાતા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રનો રાષ્ટ્રીય કક્ષાએ દબદબો**

**વિજ્ઞાનનો પ્રસાર-પ્રચાર કરતી દેશની શ્રેષ્ઠ પાંચ પ્લેટીનમ** ક્લબોમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર શામેલ.

કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી ૧૦૦ ગુણમાંથી ૯૬ ગુણ પ્રાપ્ત કરી ગુજરાત રાજ્યના પોસ્ટર પ્રેઝન્ટેશનોમાં પ્રથમ સ્થાને

વિજ્ઞાન અને સંસ્કૃતિનો સમન્વય ધરાવતો એક માત્ર દેશ એટલે ભારત. જ્યાં દરેક ભાષા દ્વારા વિજ્ઞાનને લોકો સુધી પહોચાડી એમની અંદર રહેલ કલ્પના શક્તિ અને વિચારોને વૈજ્ઞાનિક અભિગમ દ્વારા કંઇક નવું સર્જન થઇ શકે તેવા હેતુથી ભારત સરકારના વિજ્ઞાન વિભાગ (Dept. of Science and Technology, Govt. of India) પ્રેરિત વિજ્ઞાન પ્રસાર નેટવર્ક દ્વારા દેશના દરેક રાજ્યોમાં VIPNET ક્લબોની રચના કરવામાં આવી છે. વિજ્ઞાન પ્રસાર નેટવર્ક નીચે કુલ ૨૫૦૦ થી વધારે VIPNET ક્લબોની સ્થાપના કરવામાં આવેલ. વિજ્ઞાન પ્રસાર દ્વારા પ્રત્યેક વર્ષે ક્લબોની પ્રવૃતિના આધારે પ્લેટીનમ, ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ અને વાઈટ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૮-૧૯માં પ્રવૃતિના આધારે સમસ્ત દેશ પૈકી ફક્ત પાંચ ક્લબોને પ્લેટીનમ ક્લબ તરીકે જાહેર કરવામાં આવ્યા આવેલ. જેમાં ગુજરાત રાજ્યમાં ફક્ત એક જ GUJCOST, Dept. of Science and Technology, Govt. of Gujarat માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પ્લેટીનમ ક્લબ તરીકે (GJ0013) પસંદગી પામેલ છે.

જેના અનુસંધાને પ્લેટીનમ, ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝમાં પસંદ થયેલ કલબોનો રાષ્ટ્રીય સત્કાર-સન્માન સમારંભ તથા પોસ્ટર પ્રેઝન્ટેશન કાર્યક્રમનું આયોજન ગત તા. ૧૨ અને ૧૩ ઓગસ્ટ,૨૦૧૯ના દરમ્યાન અર્પિત કોલેજ, રાજકોટ ખાતે આ કરવામાં આવેલ. આ પોસ્ટર પ્રેઝન્ટેશનમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા વર્ષ દરમ્યાન થયેલ કુલ ૨૯૦ કાર્યક્રમો વિષે ફક્ત 5 મિનીટ ની સમય મર્યાદામાં રજૂઆત કરવામાં આવેલ. આ રજુઆત દરમ્યાન કુલ ૧૩ નિર્ણાયકો દ્વારા કરાયેલ મૂલ્યાંકનને આધારે અપાયેલ ગુણાંકમાં ૧૦૦ ગુણમાંથી ૯૬ ગુણ પ્રાપ્ત કરી ગુજરાત રાજ્યના પોસ્ટર પ્રેઝન્ટેશનોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ.

**શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા થયેલ રજુઆતના ઉત્કૃષ્ઠ દેખાવને કમિશ્નર શ્રી જવાહર નવોદય વિદ્યાલય, ભારત સરકાર અને** ડેપ્યુટી કમિશ્નર શ્રી, કેન્દ્રિય વિદ્યાલય તથા VIPNET સંયોજક અને વૈજ્ઞાનિક શ્રી અરવિંદ રનાડે ના વરદ હસ્તે પ્લેટીનમ કલબ તેમજ શ્રેષ્ઠ રજૂઆત માટેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત સિદ્ધિઓને વધાવતા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી ડૉ. ભાવેશ ભરાડ અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગરના પ્રમુખ શ્રી પરેશભાઈ ત્રિવેદી અને ટ્રસ્ટી શ્રી ડૉ. સર્વદમનસિંહ રાણા દ્વારા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની સમગ્ર કર્મચારીઓ તથા લોક વિજ્ઞાન કેન્દ્ર, સાથે જોડાયેલ કલબ સભ્યો, શિક્ષકો, નિર્ણાયકો તેમજ કમિટી સભ્યોને તમામ લોકોને અભિનંદન પાઠવેલ.

14-8-19
5:15 PM

(શ્રી હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.